
# કાપણીના સમયે આનંદ કરો.



બોઆઝે કાપણી વખતે પોતાની આભારવશતા બીજાઓ સાથે વહેચણી કરીને આનંદ વહેંચ્યો.

**પ્રાર્થના :** વહાલાં પ્રભુ, આ બાળકો કાપણી અને અન્ય આશીર્વાદો માટે તમારો આભાર માને માટે તેમની સહાય કરો. અમે પણ બોઆઝની માફક બીજાઓ સાથે અમને મળેલ આશીર્વાદો વહેંચીને તમારા ઉપકારોનો બદલો વાળીએ એવું થવા દો.


## પ્રભુનો આભાર માનો.

બાળકોને એવી બાબતો રજુ કરવા દો જેથી દેવની આભારસ્તુતિ થાય આ આશીર્વાદો માટે બાળકોને પ્રાર્થના અને સ્તુતિ કરવા દો.

એક શિક્ષક કે મોટો વિદ્યાર્થી રૂથ બીજા અધ્યાયની વાર્તા પોતાને યાદ હોય તેવી મોઢે કહે. તેમાં બોઆઝે કાપણી દરમ્યાન રૂથ પ્રત્યે જે ભલી વર્તણુંક કરી તે બતાવ્યું છે.

બોઆઝે પોતાના આશીષોની વહેંચણી બીજાઓ સાથે કરી તે બતાવો. બાળકો આ નાટક કરે. બાળકોને ભણાવતી વખતે જ આ નાટક તૈયાર કરો.મોટા છોકરાઓ નાનાઓની મદદ કરે. તમારે ફક્ત નાટકના ભાગ પાડવા.

- જો બધા ભાગો માટે પૂરતા માણસો ન હોય તો ઉદ્‌ઘોષક તે કહી કે વાંચી બતાવે.
- જો બાળકને જે બોલવાનું હોય તે લાંબુ હોય તો તે બાઈબલમાંથી વાંચી શકે છે.
- **મોટેરાંઓ કે મોટા વિદ્યાર્થી બોઆઝ, રૂથ,નાઓમી, વર્ણન કરનાર કે ચાકરો**ના ભાગ ભજવી શકે. રૂથના હાથમાં એક થેલો હોય જેમાં તે દાણા એકઠા કરે.



નાના છોકરાઓ પાક કાપનારાઓનો ભાગ ભજવે. તેઓ હાથમાં દાતરડું ચલાવતા હોય તેવો દેખાવ કરવો.

**ઉદ્‌ઘોષક** : કાપણીને સમયે (રૂથના બીજા અધ્યાય મુજબ)
બોઆઝે એક વિધવા રૂથ પ્રત્યે કેવી ભલાઈ દેખાડી.

**અનાજ કાપનારા :** કેટલાક દાતરડાથી કાપતા હોય તેવો દેખાવ કરે. કેટલાક તેની પૂળીઓ બાંધીને ગોઠવતા હોય તેવું કરે એ વખતે બે સ્ત્રીઓ વાતો કરતી હોય.

**રૂથ** : (અનાજ કાપનારાઓને દેખાડીને નાઓમીને (રૂથ૨:૨) નાઓમી, મારા વહાલા સાસુમા, કૃપા કરીને મને ત્યાં ખેતરમાં જઈને કણસલાં તોડવા દો. કદાચ તેઓ મારા પર દયા કરે.''

**નાઓમી** : ''મારી દીકરી, જા'' (રૂથ ખેતરમાં જતી હોવાનો અને કણસલા તોડીને થેલામાં ભરતી હોવાનો દેખાવ કરે.)

**બોઆઝ** : ''અરે કાપનારાઓ ! સુપ્રભાત, પ્રભુ તમારી સાથે હો.''

**ચાકર** : (કાપનારા પાસે ઊભો રહીને)'' સલામ બોઆઝ ! પ્રભુ તમારી સાથે હો.''

**બોઆઝ** : રૂથને થોડીવાર સુધી જોઈ રહે છે પછી ચાકરને પૂછે છે,'' આ સ્ત્રી કોની સગી છે ?''

**ચાકર** : ''તે તો મોઆબથી નાઓમી સાથે આવેલી જુવાન મોઆબી સ્ત્રી છે. તેણે ક્હ્યું કે મને કાપનારાઓની પાછળ કણસલાં ભેગાં કરવા દો.''(રૂથ ૨:૬-૭)

**બોઆઝ** : (રૂથને કહે છે અધ્યાય ૨:૮-૯) ''દીકરી, ધ્યાન દઈને સાંભળ. સળો વીણવા બીજા ખેતરમાં જઈશ નહિ. અને અહીંથી પણ જઈશ નહિ. પણ અહીં મારી યુવતીઓની પાસે અને પાસે રહે. જે

ખેતરમાં તેઓ લણણી કરે છે તે ઉપર નજર રાખીને તું તેઓની પાછળ પાછળ ફર. તેઓ તને કંઈ હરકત કરે નહિ એવી મેં જુવાનોને આજ્ઞા આપી નથી શું ? જ્યારે તું તરસી થાય ત્યારે માટલા પાસે જઈને જુવાનોએ ભરી રાખેલા પાણીમાંથી પીજે.''



**રૂથ** : (જમીન સુધી નમીને બોઆઝને પ્રણામ કરે છે. પછી ઊઠીને કહે છે ''હું એક પરદેશી હોવા છતાં તમે મારા પર એટલી બધી કૃપા કરી મારી કાળજી કેમ રાખો છો ? ''

**બોઆઝ** : ''તારા પતિના મરણ પછી તેં તારી સાસુ સાથે જે જે વર્તણૂંક ચલાવી છે ને તારા માબાપને અને તારી જન્મભૂમિને છોડીને જે લોકોને તું આજ સુધી જાણતી નહતી તેઓમાં તું કેવી રીતે રહેવા આવી છે તે સર્વની મને સંપૂર્ણ માહિતિ મળી છે. યહોવાહ તારા કામનું ફળ તને આપો ને જે ઈસ્ત્રાએલના દેવ યહોવાહની પાંખો તળે આશ્રય લેવા તું આવી છે તેનાથી તને પૂરો બદલો મળો.''

**રૂથ**(૨:૧૩): હે મારા સાહેબ, મારા પર કૃપાદૃષ્ટિ રાખો કેમકે તમે મને દિલાસો દીધો છે ને જો કે હું તમારી દાસીઓમાંની એક ના જેવી નથી તો પણ તમે આ તમારી દાસી જોડે માયાળુપણે બોલ્યા છો.''

**બોઆઝ** : ''અહીં આવીને તારી રોટલી સરકામાં બોળ.''

**વર્ણનકરનાર** : એમ રૂથે સાંજ સુધી ખેતરમાં સળો કર્યો. પછી તેણે પોતાનો વીણેલો સળો મસળ્યો તો તેમાંથી આશરે એક એફાહ જવ નીકળ્યા. તે લઈને તે નગરમાં ગઈ અને તેની સાસુએ તેનો વીણલો સળો જોયો.

**બોઆઝ** :

**નાઓમી** : ''આજે તેં સળો ક્યાં કર્યો ? અને તેં ક્યાં કામ કર્યું ? જેણે તારા પર કૃપા દૃષ્ટિ કરી તે આશિર્વાદિત હો. જેણે જીવતા તથા મૂએલા ઉપર દયા રાખવી છોડી દીધી નથી તે યહોવાહથી આશિર્વાદિત થાઓ.''

**ઉદ્‌ઘોષક** : આ નાટકમાં મદદ કરનાર બધાનો આભાર માનીએ છીએ.

**પછી તે કહે** : બોઆઝ અને રૂથ પાછળથી પરણ્યા. તેમનો દીકરો ઓબેદ તે યિશાઈનો પિતા હતો જે દાઉદ રાજાનો પિતા હતો. દાઉદ તો ઈસ્ત્રાએલનો મહાન રાજા હતો.પ્રભુઈસુ સિવાય દાઉદ રાજ વિષે બાઈબલમાં સૌથી વધુ લખેલું છે. પ્રભુ ઈસુ બોઆઝ અને રૂથના વંશમાં આવ્યા.



**ચિત્ર** : બાળકો અનાજની પૂળીનું અથવા દાતરડાનું ચિત્ર દોરે. આ ચિત્રો સભા આગળ પ્રદર્શિત કરીને બાળકો સમજાવે કે કાપણી તેમજ અન્ય આશિષોને માટે આપણે ઈશ્વરનો આભાર માનવો જોઈએ.

રૂથ ૨:૧૨ **મોઢે કરાવો.**

આભારસ્તુતિ માટેની કલમો, બે બાળકો યશા-૯:૩ અને ૨ કો. ૯:૧૧ **મોઢે બોલી જાય.**

કાપણી અને અન્ય આશીર્વાદો ઉપર ગીત અથવા નાનું નાટક લખવાનું **મોટા બાળકો**ને કહો.